પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૩ | ૧૪ મે, ૨૦૨૨, શનિવાર; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગંગોત્રીનાં ઘાટ પર કિડીયારુ ઉભરાયું

## બેદરકારી મોંઘી પડી શકે છે : કેદારનાથમાં ઇમરજન્સી હેલીપેડ પર દુકાનો : કોરોના સંક્રમણના કારણે બે વર્ષ બાદ પ્રતિબંધ વિના શરૂ થયેલી યાત્રાધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યાં છે

ઉત્તરકાશી,તા.૧૩

હાલમાં ઉત્તરાખંડનાં ચાર ધામમાં યાત્રીઓનો મેળો લાગ્યો હોય તેવી સ્થિતિ છે. કોરોના સંક્રમણના કારણે બે વર્ષ બાદ પ્રતિબંધ વિના શરૂ થયેલી યાત્રાધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યાં છે. તેમને જોતા એક તરફ વૈજ્ઞાનિકોએ પણ મોટી દુર્ઘટનાની આશંકા વ્યક્ત કરી છે ત્યારે હવે સુરક્ષા વ્યવસ્થામાં મોટી ક્ષતિઓ જોવા મળી રહી છે. કેદારનાથમાં કટોકટીની સ્થિતિમાં ઉપયોગ કરવા માટે હેલિપેડ પર દુકાનો ઉભી કરવામાં આવી છે, જ્યારે ગંગોત્રીમાં ઝડપથી વહેતી નદીના ઘાટ પર કોઈ સુરક્ષા વ્યવસ્થા નથી. ૨૦૧૩ માં કેદારનાથ દુર્ઘટના પછી સાવચેતીના પગલાં લેતા, વહીવટીતંત્રે ગૌરીકુંડ અને કેદારનાથ વચ્ચે ઘણા ઈમરજન્સી હેલિપેડ બનાવ્યા હતા જેથી કટોકટીની સ્થિતિમાં હેલી સેવાઓ અહીંથી ચાલી શકે અને ઉતરી શકે. પરંતુ હવે દુકાનો આ હેલિપેડને શણગારતી જોવા મળે છે. આ મામલે ડીએમ મયુર દીક્ષિતે કહ્યું કે, પ્રશાસને આવી દુકાનો વિશે માહિતી એકઠી કરી છે અને કોઈપણ ઈમરજન્સીના કિસ્સામાં આ



લોકોને ટૂંકી સૂચના પર દુકાન હટાવવાની ચેતવણી આપવામાં આવી છે. ત્યારે બેરોજગાર હોવાના કારણે અહીં એક મહિનાથી હંગામી દુકાનો ઉભી કરી હોવાનું દુકાનદારો જણાવી રહ્યા છે. આપત્તિના સંજોગોમાં તે દુકાન હટાવવા માટે તૈયાર છે. આ હેલિપેડ કેદારનાથ ધામમાં ચાલતી હેલી સેવા માટે બનાવવામાં આવ્યા હતા. આકસ્મિક સમસ્યા, અચાનક ખરાબ હવામાન કે અન્ય કોઈ આફતના સમયે હેલિકોપ્ટરને ફૂટપાથ પર ઉતારી અકસ્માતો નિવારી શકાય છે જેથી હાલ હેલીપેડ દુકાનો અને પ્રવાસીઓથી ધમધમી રહ્યું છે. ગંગોત્રી ધામમાંથી પણ સુરક્ષામાં બેદરકારીની તસવીરો સામે આવી રહી છે. સંવાદદાતા બલબીર પરમારે જણાવ્યું કે મોટી સંખ્યામાં ભક્તો અહીં ગંગા ઘાટ પર પહોંચી રહ્યા છે. તેમજ આ સમયે ગંગા નદીનો પ્રવાહ ખૂબ જ ઝડપી છે. પરંતુ ઘાટ પર બેરિકેડીંગ, સાંકળો કે દોરડા, રેસ્ક્યુ ટીમની હાજરી અને લાઈફ જેકેટ્સ કે જીવન બચાવવાની વ્યવસ્થા જેવી કોઈ વ્યવસ્થા નથી. લોકો કોઈપણ પ્રતિબંધ વિના ઘાટ પર તોડી રહ્યા છે, પરંતુ ડૂબકી પણ લઈ રહ્યા છે.

## શ્રદ્ધાળુઓથી ભરેલી બસમાં દુર્ઘટના : ૪ મોત

**જમ્મુ કાશ્મીરના કદમમલ કટારામાં દુર્ઘટના બની : અકસ્માત થયા બાદ બસમાં ભીષણ આગ ફાટી નીકળી**



શ્રીનગર, તા.૧૩

આજકાલ દેશમાં અકસ્માતોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે અમરનાથ અને જમ્મૂ કાશ્મીર દર્શાનાર્થે જતા ભક્તોને અકસ્માત નડવાના અહેવાલો હવે અનેક વખત સામે આવે છે.

હાલ આવી જ એક ઘટના સામે આવી છે. જમ્મુ કાશ્મીરમાં એક ગમખ્વાર અકસ્માત થયો છે. આ બસ દુર્ઘટનામાં ચાર યાત્રાળુઓના મોત થયા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે જમ્મુ કાશ્મીરના કદમમલ કટારામાં શનિ મંદિરની પાસે આ ભીષણ દુર્ઘટના બની છે. જેમાં હાઈવે પર મુસાફરો ભરેલી બસને અકસ્માત નડ્યો છે. અકસ્માત થયા બાદ બસમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ લાગવાથી ઓછામાં ઓછા ૪ લોકો જીવતા ભડથું થઈ ગયા છે, જ્યારે ૨૨ યાત્રાળુઓ ઘાયલ થયા છે. જાણવા મળી રહ્યું છે કે યાત્રાળુઓ ભરેલી બસ કટરાથી જમ્મુ આવી રહી હતી. પોલીસને મતે, બસના એન્જિનમાં આગ ફાટી નીકળી હતી.

## એલન મસ્કે ટ્વીટરનો સોદો હાલ સ્થગિત કર્યો

**વિશ્વનો સૌથી મોટો ટેક્નોલોજી સોદો ટલ્લે ચઢ્યો : ટ્વિટરના ૨૨.૯ કરોડ યુઝર્સમાં કેટલાક નકામા ખોટા, સ્પામ એકાઉન્ટની માહિતી ન મળે ત્યાં સુધી સોદો મુલતવી**

વોશિંગ્ટન, તા.૧૩

વિશ્વજગતના સૌથી મોટા ટેક્નોલોજી સોદા ટ્વિટર-મસ્ક ડીલ ખોરંભે ચઢી છે. ટ્વિટરના સ્પામ અને ફેક એકાઉન્ટની અપૂરતી માહિતીને કારણે આ સોદો કાર્યકારી ધોરણે અટકાવવામાં આવ્યો છે. આ અંગેની જાહેરાત ખુદ એલોન મસ્કે કરી છે.



ટ્વિટરને ખરીદવા માટેની ઓફર કરનાર એલોન મસ્કે કહ્યું ટ્વિટરના કુલ ૨૨.૯ કરોડ યુઝર્સમાં કેટલાક નકામા ખોટા, સ્પામ એકાઉન્ટ અંગે ચોક્કસ માહિતી મળે નહિ ત્યાં સુધી આ સોદો મુલતવી રાખવામાં આવ્યો છે. ટ્વિટરના આધિકારીક નિવેદન અનુસાર તેમના કુલ યુઝર્સમાં આ પ્રકારના ફેક એકાઉન્ટ ૫% જ છે.

એલોન મસ્કે અગાઉ એક નિવેદનમાં જણાવ્યું હતુ કે મારી સૌથી મોટી જરૂરિયાત ટ્વિટરના ખોટા સ્પામ એકાઉન્ટને બંધ કરવાની છે અને "જૅટ્ટદ્ધ ર્હ્નજ"ને પ્લેટફોર્મ પરથી દૂર કરવાની છે.

વિશ્વના સૌથી ધનાઢ્ય એલોન મસ્કે આ સોદાને અભરાઈએ ચઢાવતા ટ્વિટરના શેરમાં મસમોટો કડાકો નોંધાયો છે. ટ્વિટરનો શેર પ્રી માર્કેટ સેશનમાં ૨૪%ના કડાકા સાથે ૩૪.૪૯ ડોલરના લેવલે કામકાજ કરી રહ્યો છે.

## નીટ પીજીની પરીક્ષા નિર્ધારિત ૨૧ મેએ જ યોજવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે આજ રોજ નીટ પીજી ૨૦૨૨પરીક્ષા ટાળવાનો ઈનકાર કરી દીધો છે. ત્યારે નીટ પીજીની પરીક્ષા પોતાની નિર્ધારિત તારીખ એટલે કે, ૨૧ મે ૨૦૨૨ના રોજ જ યોજાશે. સુપ્રીમ કોર્ટે ડોક્ટર્સ માટેની નીટ-પીજી ૨૦૨૨ની પરીક્ષા ટાળવાની માગણી કરતી અરજીને ફગાવી દીધી છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, પરીક્ષા ટાળવાથી અરાજકતા અને અનિશ્ચિતતા સર્જાશે. ઉપરાંત તેનાથી દર્દીઓની દેખભાળ પણ પ્રભાવિત થશે. સાથે જ નીટ પીજીની તૈયારી કરી રહેલા ૨ લાખ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ માટે પૂર્વગ્રહ પેદા થશે.

સુપ્રીમ કોર્ટે નીટ-પીજી ૨૦૨૨ની પરીક્ષા ટાળવાની માગણી કરતી અરજી મુદ્દે કહ્યું કે, તેનાથી હોસ્પિટલ્સમાં ડોક્ટર્સની કમી સર્જાશે.

આ સરકારની પોલિસીનો મુદ્દો છે. ઉલ્લેખનીય છે કે, મેડિકલ વિદ્યાર્થીઓએ નીટ પીજી ૨૦૨૨ પરીક્ષાની તૈયારીઓ માટે પૂરતો સમય ન મળ્યો હોવાના કારણે સુપ્રીમ કોર્ટ સમક્ષ નીટ-પીજી ૨૦૨૨ની પરીક્ષાની તારીખ લંબાવવાની માગણી કરી હતી. અરજીકર્તાઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ડોક્ટર્સને તૈયારી માટે પૂરતો સમય નથી મળ્યો. ઉપરાંત નીટ-પીજી ૨૦૨૧નું કાઉન્સેલિંગ હજુ સુધી ચાલી રહ્યું છે.

નીટી-પીજી ૨૦૨૧નું કાઉન્સેલિંગ અને નીટ-પીજી ૨૦૨૨ની પરીક્ષા પણ એકબીજા સાથે ટકરાઈ રહી છે. તેવામાં નીટ પીજી ૨૦૨૨માં ભાગ લેવા માટે ઈચ્છુક ડોક્ટર્સને પરીક્ષાની તૈયારી માટે થોડો વધુ સમય આપવામાં આવે. ડોક્ટર્સને આ પરીક્ષા માટે ઓછામાં ઓછા ૪ સપ્તાહનો સમય જોઈએ છીએ.

## રાયપુર એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ

રાયપુર, તા.૧૩

છત્તીસગઢના રાયપુર એરપોર્ટ ખાતે ગુરૂવારે રાતે ૯:૧૦ વાગ્યે હેલિકોપ્ટર ક્રેશ થવાની દુર્ઘટના બની હતી જેમાં ૨ પાયલોટ્સે પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રેક્ટિસ દરમિયાન લેન્ડિંગ વખતે આગ લાગવાના કારણે આ દુર્ઘટના બની હતી. આ હેલિકોપ્ટર રાયપુર સ્ટેટ ગવર્મેન્ટનું હોવાનું સામે આવ્યું છે.

રાજ્ય સરકારના આ હેલિકોપ્ટરમાં કેપ્ટન ગોપાલ કૃષ્ણ પાંડા અને કેપ્ટન એપી શ્રીવાસ્તવનું મોત થયું છે. આ દુર્ઘટનામાં હેલિકોપ્ટર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયું છે. તેના પંખાનો એક હિસ્સો દૂર જઈને પડ્યો હતો. જોકે હજુ સુધી દુર્ઘટનાનું કોઈ ચોક્કસ કારણ સામે નથી આવ્યું. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે ટ્વિટરના માધ્યમથી આ દુર્ઘટનાની જાણકારી આપી હતી.

પધારો... પધારો... પધારો...

જાહેર નિમંત્રણ

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

દ્વારા આયોજીત

૨૪મો સમૂહ લગ્નોત્સવ

: તારીખ : ૧૫/૫/૨૦૨૨, રવિવાર

: સમય : સવારે ૮-૦૦ થી ૫-૦૦

લગ્ન સ્થળ : સમર્પણ કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા સમસ્ત રાજપૂત સમાજના અગ્રણીઓ, હોદ્દેદારશ્રીઓ, પૂર્વ હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તથા પૂર્વ દાતાશ્રીઓ તથા સમાજના સૌ વડીલશ્રીઓ, માતાઓ, યુવાન ભાઈઓ અને બહેનોને ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સમૂહ લગ્નોત્સવમાં પધારવા માટેનું હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

ડો. શંકરસિંહજી આર. રાણા
પ્રમુખ
શ્રી ભરતસિંહજી બી. બિહોલા
મહામંત્રી
શ્રી રતનસિંહ એમ. વાઘેલા
કાર્યકારી પ્રમુર

શ્રી પ્રવિણસિંહજી જે. ડાભી
અધ્યક્ષ (લગ્ન સમિતિ)
શ્રી જશુભા એલ. પરમાર
કાર્યકારી અધ્યક્ષ
શ્રી દશરથસિંહ એલ. વાઘેલા
કન્વીનર

સૌ હોદ્દેદારશ્રીઓ તથા સૌ કારોબારી સભ્યશ્રીઓ
ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

સહયોગ

શ્રી વિક્રમસિંહ એસ. ગોલ
પ્રમુખ
શ્રી પ્રદિપસિંહ પી. બિહોલા
મહામંત્રી
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

શ્રીમતી બિનાબા એસ. રાણા
પ્રમુખ
સંગીતાબા એચ. સોલંકી
મહામંત્રી
સમસ્ત મહિલા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

## સહારાના માલિક સુબ્રતો રોયની ધરપકડ માટે વોરંટ ઈશ્યુ કરાયું

**કોર્ટના આદેશ મુજબ ધરપકડ વોરંટ ૩ રાજ્યોના મહાનિર્દેશકો/પોલીસ વડાઓને મોકલવામાં આવશે**

નવી દિલ્હી, તા.૧૩

દેશના એક સમયના ટોચના ધનકુબેર અને દિગ્ગજ કંપની સહારા ઈન્ડિયાના માલિક સુબ્રતો રોય માટે આગામી સમયમાં વધુ કપરા ચઢાણો જોવા મળી રહ્યાં છે. કોર્ટે સહારાના માલિક રોયની ધરપકડ કરવા માટે વોરંટ ઈશ્યુ કર્યો છે. રિપોર્ટ અનુસાર પટના



હાઈકોર્ટે સહારા ગ્રુપના ચેરમેન સુબ્રત રોયને સમન્સ આપવા છતાં કોર્ટમાં હાજર ન થવા બદલ ધરપકડ વોરંટ જારી કર્યુ છે. હાઈકોર્ટના આદેશ છતાં સુબ્રતો રોય શુક્રવારે કોર્ટમાં હાજર ન થતા કોર્ટના આદેશની અવમાનના બદલ સુનાવણી કરતી બેંચે તેમની સામે ધરપકડ વોરંટ જારી કર્યુ હતું. કોર્ટના આદેશ મુજબ ધરપકડ વોરંટ ૩ રાજ્યોના મહાનિર્દેશકો/ પોલીસ વડાઓ (ડીજીપી/સીપી)ને મોકલવામાં આવશે. બિહારની સાથે ઉત્તર પ્રદેશ અને દિલ્હીના પોલીસ વડાને પણ ધરપકડ વોરંટ મોકલવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પટના હાઈકોર્ટે ૧૩ મેના રોજ સુબ્રત રોય સંબંધિત કેસની સુનાવણી માટે ફિઝિકલ કોર્ટ હિયરિંગ રાખી હતી. આમ છતાં સુબ્રત રોય સહારા કોર્ટમાં હાજર થયા નહોતા થયા.

## ઉદયપુરની ચિંતન શિબિરમાં કોંગીના ૪૦૦ નેતાઓ હાજર

**પક્ષને પુનર્જિવિત કરવા કોંગ્રેસની ક્વાયત -: કોંગ્રેસના ટોચના નેતાઓ નેતૃત્વ સ્તરે નવા ચહેરા લાવવા માટે સક્રિયપણે વિચારણા કરી રહ્યા હોવાના સંકેત**

નવી દિલ્હી, તા.૧૩

શુક્રવારથી કોંગ્રેસના ટોચના નેતાઓ રાજસ્થાનના ઉદયપુરમાં પાર્ટીને પુનર્જિવીત કરવા માટે ૩ દિવસીય ચિંતન શિબિર શરૂ થઈ હતી. કોંગ્રેસના ટોચના નેતાઓ સહિત ૪૦૦થી વધુ પદાધિકારીઓ આ બેઠકમાં ભાગ લીધો. કોંગ્રેસ પાર્ટી અનેક રાજ્યોમાં પરાજયને કારણે અણધાર્યા કટોકટીનો સામનો કરી રહી છે.



કોંગ્રેસના ટોચના નેતાઓ નેતૃત્વ સ્તરે નવા ચહેરા લાવવા માટે સક્રિયપણે વિચારણા કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીના નેતાઓ માટે સંગઠનમાં હોદ્દા પર રહેવા અને તમામ સ્તરે ચૂંટણી લડવા માટે વય મર્યાદા નક્કી કરી શકે છે. આ ઉપરાંત રાજ્યસભા સભ્યો માટે એક કાર્યકાળની મર્યાદા નક્કી કરવા પર પણ ગંભીરતાથી વિચાર કરી રહી છે. આ વિચાર પાર્ટીને 'યુવાનોને તક' આપવાના પ્રયત્નનો ભાગ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૦૧૪માં કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણીમાં હાર થવાનો સીલસીલો શરૂ થયો હતો ત્યારબાદ ૪૩૦ કોંગ્રેસી નેતાઓનું આ પ્રકારનું પહેલું મંથન સત્ર છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકને પાર્ટીના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સંબોધન કર્યુ હતું. કોંગ્રસના એક નેતાએ કહ્યુ હતું કે, પાર્ટી સામૂહિક રીતે નિર્ણય લેવા માટે સંસદીય બોર્ડની પુનરુદ્ધારની શરૂઆત પણ કરી શકે છે.